**પોરબંદરના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર.**

**<u>ક્રિ.પ.અ.નં.૩૮૬/૨૦૨૬.</u>**
**આંક–**

**અરજદાર:** **બાબુભાઈ આલાભાઈ આહુ,**
ઉ.વ.આ.૪૦,ધંધો: મજુરી,
રહે. માલેતા, તા. કલ્યાણપુર,
જી. દેવભુમી દ્વારકા,
હાલ : જયુડી. કસ્ટડી ખાસ જેલ,
પોરબંદર.

વિરૂધ્ધ

સામાવાળા : ૧. ધ સ્ટેટ ઓફ ગુજરાત
નોટીસ થ્રૃ ડી.જી.પી. પોરબંદર.
૨. રાણાભાઈ ભોજાભાઈ ચાવડા
રહે. બ્લોક નં. ૩૪, રુમ નં. ૩૮,
આવાસ યોજના, બોખીરા,
પોરબંદર.

**<u>બાબત</u> : <u>ભા.ના.સુ.સં. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મુકત થવાની અરજી .</u>**

---

અરજદાર તરફે વિ. વકીલશ્રી ડી.આર. મોઢવાડીયા.
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી એસ. બી. જેઠવા.

---

**<u>હુ ક મ</u>**

૧. અરજદાર/આરોપી દ્વારા હાલની આ જામીન અરજી બી.એન.એસ.એસ. ક. ૪૮૩ હેઠળ તેઓને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન

ગુના રજી. નં.૧૧૨૧૮૦૧૦૨૬૦૩૨૨/૨૦૨૬, બી. એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪ (૨)(એમ), ૫૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૭ મુજબ ગુન્હાના કામે અટક કરવામાં આવેલા છે, તે ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારની અરજી અન્વયે નોટીસ સામાવાળા શ્રી સરકારને બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા ઉપસ્થિત રહેલા છે અને તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરતું પોલીસ અધિકારીશ્રીનું સોગંદનામુ રજૂ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. મુળ ફરીયાદી હાજર છે તેઓની રજુઆત સાંભળવામાં આવેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે અરજદાર સામે કોઈ માનવા લાયક કેસ કે પ્રથમ દર્શનીય પુરાવો નથી. હાલના અરજદાર ધ્વારા ભોગ બનનારનું અપહરણ કરી કોઈ દુષ્કૃત્ય આચરેલાનો આક્ષેપ નથી. મુખ્ય આરોપીને ભોગ બનનારને લઈ જવામાં મદદગારી કરેલાનો આક્ષેપ છે. અમે ભોગ બનનાર સાથે કહેવાતુ કોઈ કૃત્ય કરેલ નથી. અમારી ઉપર પરીવારની જવાબદારી છે અને અમે કયાંય નાશીભાગી જાય તેમ નથી કોઈ ગુનાહીત પુર્વ ઈતિહાસ નથી તેથી આ કોર્ટ ફરમાવશે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકાર પક્ષે, પી.પી. શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપી સામે પોકસો અને બળાત્કાર જેવા ગંભીર ગુન્હામાં મદદગારી કરેલાનો પ્રથમ દર્શનીય કેસ રહેલ છે. તેવા સંજોગોમાં સગીરનું અપહરણ અને બળાત્કારના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તપાસ કરનાર અધીકારીના સોગંદનામાની હકીકતો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

પ. બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદારની જામીન અરજી વંચાણે લીધી. ફરીયાદ કેસની ટુંક વિગત વંચાણે લઈએ તો આ કામના આરોપી નં. ૧ નાએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી જઈ, ભોગ બનનાર સંમતી આપવા અસમર્થ હોવાનું જાણવા છતાં ભોગ બનનાર સાથે વારંવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ અને આરોપી નં. ૧ ના કૃત્યમાં આરોપી નં. ૨,૩,૪ નાઓએ મદદગારી કરેલ તેવી આ કેસ ની ટુંક હકીકત છે. આ કામે પક્ષકારોની રજુઆતો તથા રેકર્ડ ધ્યાને લેતા અરજદાર સામે મુખ્ય આરોપીને ભોગ બનનારનું અપહરણ કરવામાં મદદગારી કરેલાનો જ આક્ષેપ છે. હાલના અરજદારે ભોગ બનનાર સાથે કોઈ દુષ્કૃત્ય આચરેલાનો આક્ષેપ નથી તે સંજોગોમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ફરીયાદમાં જાહેર થયેલ હકીકતો અન્વયે કેસના ગુણદોષોમાં ઉંડે ઉતરવાનું હોતુ નથી અને જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુન્હાની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, આરોપીની નાશી ભાગી જવાની

શકયતા, પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતા તેમજ સમાજનું વિશાળ હીત વગેરે હકીકતો ધ્યાને લેવાની રહે છે. ફરીયાદમાં રજુ થયેલ હકીકતો અને અન્ય રજુ થયેલ હકીકતો એ પુરાવાનો વિષય રહેલ છે. વધુમાં આ કામે તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ બાદ ઈન્સાફી કાર્યવાહી ચાલતા ઘણો લાંબા સમય જાય તેમ હોય જે હકીકત ધ્યાને લઈ અરજદાર આરોપીને ફરીયાદપક્ષના સાહેદોને નુકશાન ન કરે તેવી કડક શરતોને આધીન બી. એન.એસ.એસ. કલમ ૪૮૩ હેઠળની વિવેકબુધ્ધિની સતા વાપરી જામીન મુકત કરવા યોગ્ય કેસ જણાય આવતો હોય સદર અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૧૮૦૧૦૨૬૦૩૨૨/૨૦૨૬, બી. એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪ (૨)(એમ), ૫૪ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૭ ના ગુન્હાના કામે અરજદારે રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું પુરેપુરું સરનામું અને મોબાઈલ/કોન્ટેકટ નંબર રજુ કરવા અને તેમાં કોઈ ફેરફાર થયે તપાસ કરનાર અધિકારીને જાણ કરવી.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કોઈ સાહેદોનો કે ફરીયાદીનો કોઈપણ રીતે સીધી કે આડકતરી રીતે સંપર્ક કરવાનો, અથવા તો સાહેદોને ધાક-ધમકી કે દબાણ લાવવાનો કોઈ પ્રયાસ કરવો નહી અથવા તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

(૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

(૪) આ કામના અરજદાર/આરોપીએ અદાલત સમક્ષ ટ્રાયલ ચાલતા દરમ્યાન દર મુદ્દતે નિયમિત હાજર રહેવું.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન રદ્દ થવાપાત્ર ઠરશે.

- આ હુકમની યાદી સંબંધિત પો. સ્ટે.માં મોકલી આપવી તથા સંબંધિત કેસમાં રાખવી.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૩૦/૦૭/૨૦૨૬

**(દીપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
એડીશ્નલ સેશન્સ જજ,
પોરબંદર.
Code No. GJ-00612